समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

**સમગ્ર શિક્ષા, સુરત મ્યુ. કોર્પોરેશન**
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળા નં.-૧૩૧
સંઘાડીયાવાડ, ગોપીપુરા, સુરત - ૩૯૫૦૦૧
ફોન નં.- ૦૨૬૧ - ૨૪૯૨૦૨૮
ટોલ ફ્રી નં. – ૧૮૦૦-૨૩૩-૨૦૨૮
ઈ-મેઇલ – adpcsmc@gmail.com

નં.:સમગ્ર શિક્ષા/એસ.એમ.સી/એમ.આઇ.એસ/૨૦૨૪/ 12476 - 12479 તા-૦૪/૧૦/૨૦૨૪

પ્રતિ
આચાર્યશ્રી
માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા
સરકારી ,ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળા તમામ ,જીલ્લો - સુરત

વિષય: વિધાર્થીઓના Automated Permanent Academic Account Registry (APAAR)Ids બનાવવા બાબત

સંદર્ભ:(૧) માન.સ્ટેટ પ્રોજેકટ કચેરી પત્રક્રમાંક: SSA/MIS/૨૦૨૪/૪૨૩૮૯-૪૨૪૬૦ તા-૨૩/૦૯/૨૦૨૪

શ્રીમાન.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ,શિક્ષણ મંત્રાલય નવી દિલ્હી દ્વારા 'એક રાષ્ટ્ર એક વિધાર્થી ID " ના ઉદેસ્યો ને પ્રાપ્ત કરવાના પ્રયાસમાં વિધાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિધ્દ્ધઓને ટ્રેક કરવા દરેક વિધાર્થી માટે એક અનન્ય "ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજીસ્ટ્રી (APAAR ) " ID બનાવવામાં આવનાર છે જે શૈક્ષણિક સંસાધનોને ઉપયોગ કરવામાં પણ મદદરૂપ થશે અને કાયમી રહેશે.

APAAR ID એ ડીજીલોકર ઇકોસિસ્ટમને ઉપયોગ કરવા માટેનું GATEWAY છે જે વિધાર્થીઓને EXAM RESULTS, HOLISTIC રિપોર્ટ કાર્ડ, LEARNING OUTCOMES ઉપરાંત અન્ય સિધ્દ્ધઓ જેવી કે ઓલીમ્પિયાડ,રમતગમત ,કૌશલ્ય પ્રશિક્ષણને ડીજિટલી સ્ટોર કરવાની મંજુરી આપવામાં આવશે. આ ક્રેડીટ સ્કોરનો ઉપયોગ વિધાર્થીઓ ભવિષ્યમાં તેમના ઉચ્ચ શિક્ષણ અને રોજગાર હેતુ માટે કરી શકશે.

Ministry of education દરેક વિધાર્થીના આધાર નંબરના આધારે APAAR ID જનરેટ કરશે જેના માટે વિધાર્થીના માતાપિતાની અલગ સંમતિ Annexure-1 માં જરૂરી છે. આ રીતે એકત્રિત કરવામાં આવેલ ડેટાને ગોપનીય રાખવામાં આવશે.અને આધાર નંબરને માસ્ક કરીને અન્ય સરકારી વપરાશકર્તાઓ સાથે ડેટા શેર કરવામાં આવશે.

શિક્ષણ મત્રાલય નવી દિલ્હી દ્વારા APPAR અંગે રાજ્ય સાથે વિડીયો કોન્ફરન્સથી થયેલ ચર્ચા મુજબ APAAR ના અમલીકરણ અને રોલઆઉટ માટે રાજ્ય કક્ષાએ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રીની સ્ટેટ નોડલ ઓફીસર તરીકે, સ્ટેટ એમ.આઇ.એસ.કો ઓર્ડીનેટરશ્રી ની આસીસ્ટન્ટ નોડલ ઓફીસર તરીકે અને જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણધિકારીશ્રીની જિલ્લા નોડલ ઓફીસર તરીકે નિયુક્ત કરવામાં આવેલ છે.

શાળાકક્ષાએ આચાર્ય/મુખ્ય શિક્ષકશ્રી દ્વારા વિધાર્થીના APAAR ID જનરેટ કરવા અંગેની કામગીરી માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૧) જિલ્લાની તમામ શાળાઓના આચાર્ય/મુખ્ય શિક્ષકશ્રીઓને દરેક વિધાર્થીના APAAR ID જનરેટ કરવા માટે માતાપિતા/વાલીની સંમતિ Annexure-1 પત્રક જરૂરી હોય જે આપને આ સાથે મોકલી આપવામાં આવેલ છે.

(૨) શાળા કક્ષાએ APPAR IDના સદર્ભમાં શાળાના તમામ વિધાર્થીના માતાપિતા સાથે વાલી મિટિંગ યોજી APAAR IDની ઉપયોગીતા વિશે માહિતગાર કરી માતાપિતા/વાલીની Annexure-1 માં સંમતિ મેળવવાની રહેશે તેમજ માતાપિતા/વાલીના ADHAAR CARD અથવા અન્ય કોઇ ફોટો આઇડી પ્રૂફ મેળવી શાળા કક્ષાએ જાળવવાની રહેશે.

(૩) વિધાર્થીના આધાર નંબર થકી જ APAAR ID જનરેટ થશે જેથી શાળા દ્વારા UDISE +Portal માં જે વિધાર્થીઓના ADHAAR CARDની વિગત ઉપલબ્ધ નથી તેવા કિસ્સામાં ADHAAR CARD ની માહિતી મેળવી UDISE+portal માં update કરવાની રહેશે.

(૪) શાળા દ્વારા UDISE + portal માં વિધાર્થીના નામ, પિતાનું નામ, માતાનું નામ , લિંગ /જાતિ, જન્મતારીખ વગેરે વિગતની ADHAAR CARD મુજબ ખરાઈ કરવાની રહેશે જો તેમાં કોઇ ભૂલ/ક્ષતિ જણાય તો શાળા કક્ષાએથી અથવા તાલુકા/જિલ્લા કક્ષાએથી સુધારવાની રહેશે.

(૫) વિધાર્થીઓના માતાપિતા/વાલીની Annexure-1માં મેળવેલ સંમતિને આધારે શાળાકક્ષાએથી UDISE+ પોટલમાં વિધાર્થીના APAAR ID Generate કરવા સંમતિની વિગતો ઓનલાઇન ભરી આગળની કાર્યવાહી કરવાની રહેશે

(૬) APAAR ID Generete થયા બાદ વિધાર્થીઓને તેની વિગત શાળા દ્વારા આપવાની રહેશે.

સદર બાબતે ઉપરોક્ત વિગતો ધ્યાને લઇ શિક્ષણ મત્રાલય,નવી દિલ્હી દ્વારા તા ૨૦/૦૯ ૨૦૨૪ ના રોજ APAAR અંગે રાજ્યો સાથેની વિડીયો કોન્ફરન્સમાં થયેલ ચર્ચા મુજબ ધોરણ ૯ થી ૧૨ ના વિધાર્થીઓના APAAR ID Generate કરવા અંગે પ્રાથમિકતા આપી તા ૧૩/૧૦/૨૦૨૪ સુધીમાં તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ કામગીરી પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ પૂર્વે પ્રાથમિક થી ધોરણ-૮ સુધીના તમામ વિધાર્થીઓના APAAR ID Generate કરવા આપને જણાવવામાં આવે છે.

બિડાણ: (૧) માતાપિતાની સંમતિ પત્રક Annexure-1

(૨) APAAR પ્રેઝન્ટેશન

(3) APAAR ID સાહિત્ય

જિલ્લા શિક્ષણાધીકારી
સુરત

નકલ રવાના:

- યુ આર સી /બી આર સી કો.ઓર્ડીનેટર તમામ, જિલ્લો-સુરત
- સી આર સી કો.ઓર્ડીનેટર તમામ,જિલ્લો-સુરત (શાળાઓને જાણ કરી કાર્યવાહી કરાવવા સારું)

**Annexure I**

**APAAR ID બનાવવા માટે વિદ્યાર્થીના પિતા/માતા/કાનૂનીવાલીની સંમતિ**

**શાળાનું નામ** ……………………………………………………………………………..............

હું,**<સંમતિ પ્રદાતાનુંનામ><આધાર/PAN/EPIC/DL/PP>**અને ઓળખ પુરાવા નંબર **<ID નંબર>**ના રૂપમાં મારા ઓળખના પુરાવા સાથે **<સગીર વિદ્યાર્થીનું નામ>**ના **<કુદરતી/કાનૂની વાલી>**તરીકે સ્વેચ્છાએ મારા બાળકની નીચેના આશયઓ અને હેતુઓ માટે APAAR ID બનાવવા અને મારા બાળકનું DigiLockerએકાઉન્ટ ખોલવાના એકમાત્ર હેતુ માટે UIDAI દ્વારા જારી કરાયેલ આધાર નંબર અને વસ્તી વિષયક માહિતીને શેર કરવા માટે મારી સંમતિ આપું છું.

હું સમજું છું કે મારા APAAR ID નો ઉપયોગ શૈક્ષણિક અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે સમય સમય પર શિક્ષણ મંત્રાલય દ્વારા સૂચિત કરવામાં આવતા મર્યાદિત હેતુઓ માટે થઈ શકે છે અને શેર કરી શકાય છે. હું વધુમાં સમજું છું કે મારી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી (નામ, સરનામું, ઉંમર, જન્મ તારીખ, લિંગ અને ફોટો) અન્ય હિસ્સેદારો જેમ કે શૈક્ષણિક સંસ્થાઓ અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેમ કે UDISE પ્લસડેટાબેઝ, શિષ્યવૃત્તિ, શૈક્ષણિક રેકોર્ડ જાળવણી, સંકળાયેલી સંસ્થાઓઅને ભરતી એજન્સીઓ સાથે ઉપલબ્ધ કરાવી શકાય છે

આધાર (નાણાકીય અને અન્ય સહાયો, લાભો અને લક્ષ્યાંકિત સેવાઓની ઉપલબ્ધિ) અધિનિયમ, 2016 મુજબ ઉપરોક્ત હેતુ માટે UIDAI સાથે આધાર આધારિત પ્રમાણીકરણ કરવા માટે હું શિક્ષણ મંત્રાલયને મારા આધાર નંબરનો ઉપયોગ કરવા માટે અધિકૃત કરું છું. હું સમજું છું કે UIDAI મારી ઇ-કેવાયસી વિગતો શેર કરશે અથવા સફળ પ્રમાણીકરણ પછી શિક્ષણ મંત્રાલય સાથે "હા" નો જવાબ આપશે.

હું સમજું છું કે હું જે માહિતી શેર કરું છું તે ગોપનીય રાખવામાં આવશે અને કાયદા દ્વારા આવશ્યકતા સિવાય કોઈપણ તૃતીય પક્ષને જાહેર કરવામાં આવશે નહીં.

હું સમજું છું કે હું કોઈપણ સમયે અથવા કોઈપણ હેતુ માટે મારી સંમતિ પાછી ખેંચી શકું છું અને મારી સંમતિ પાછી ખેંચી લેવા પર, મારા વિશે શેર કરેલી માહિતીની પ્રક્રિયા બંધ થઈ જશે, જો કે, સંમતિ પાછી ખેંચી લેવા પર પહેલેથી જ પ્રક્રિયા કરેલ કોઈપણ વ્યક્તિગત ડેટા અપ્રભાવિત રહેશે.

શારીરિક સંમતિનું સ્થાન: **<સ્થળ>** ………………………………………………

શારીરિક સંમતિની તારીખ: **<તારીખ>** **(સહી)**

…………………………………………………………………………………………………

હું, મારી ક્ષમતામાં ……………………….. શાળાના વડા અથવા કોઈપણ અધિકૃત શિક્ષક/કર્મચારી તરીકે, જાહેર કરું છું કે **<વિદ્યાર્થીનું નામ>**ના કુદરતી/કાનૂની વાલીએ ઉલ્લેખિત કર્યા મુજબ APAAR ID, DIGILOCKER બનાવવાની, ઉપરોક્ત UDISE પ્લસમાં એકાઉન્ટ ખોલવા અને ઓળખ ચકાસણી માટે આધાર પ્રદાન કરવા સંમત થયા છે.

**તારીખ** ……………………… ………………………………

**(સહી)**

शिक्षा मंत्रालय MINISTRY OF EDUCATION


Digital India

MINISTRY OF SKILL DEVELOPMENT AND ENTREPRENEURSHIP

# APAAR ID

## "One Nation One Student ID"

12 Digit ID | Track education journey




**30 Cr +**
Total No. of APAAR IDs Created

**15K +**
No. of Academic Institutions Generated APAAR ID

**35 Lakh +**
Academic Records Mapped with APAAR ID

# WHAT IS APAAR?

- ❑ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત **"એક રાષ્ટ્ર, એક વિદ્યાર્થી ID"** ના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવાના પ્રયાસમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને ટ્રેક કરવા દરેક વિદ્યાર્થી માટે એક અનન્ય ૧૨ અંકનું **"ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (APAAR)" ID** બનાવવામાં આવનાર છે જે શૈક્ષણિક સંસાધનોને ઉપયોગ કરવામાં પણ મદદરૂપ થશે અને કાયમી રહેશે.

- ❑**APAAR ID**એ ડિજીલોકર ઇકોસિસ્ટમને ઉપયોગ કરવા માટેનું **GATEWAY** છે જે વિદ્યાર્થીઓને **EXAM RESULTS, HOLISTIC** રિપોર્ટ કાર્ડ, **LEARNING OUTCOMES** ઉપરાંત અન્ય સિદ્ધિઓ જેવી કે, ઓલિમ્પિયાડ, રમતગમત, કૌશલ્ય પ્રશિક્ષણને ડિજિટલી સ્ટોર કરવાની મંજૂરી આપવામાં આવશે. આ ક્રેડિટ સ્કોરનો ઉપયોગ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં તેમના ઉચ્ચ શિક્ષણ અને રોજગાર હેતુ માટે કરી શકશે.

- ❑**APAAR ID**એ ડિજિટાઈઝેશન, વ્યક્તિગત શિક્ષણ, શાળા બહારના બાળકો (OoSC) ને શાળાઓમાં પરત લાવીને શિક્ષણના સાર્વત્રિકરણ જેવા વ્યાપક ધ્યેયોમાં પણ સમર્થન આપે છે અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક માર્ગોમાંના હસ્તક્ષેપને વધુ અસરકારક રીતે સક્ષમ કરશે.

# APAAR Idની ઉપયોગિતા

APAAR ID - એક અનન્ય ૧૨ અંકનું ID વિદ્યાર્થીઓને તેમની તમામ શૈક્ષણિક ક્રેડિટ્સ ડિજીટલ રીતે સંગ્રહિત કરવામાં, મેનેજ કરવામાં અને એક્સેસ કરવામાં મદદ કરશે. જેમાં સ્કોર કાર્ડ, માર્કશીટ, ગ્રેડશીટ્સ, ડિગ્રી, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને સહ-અભ્યાસિક સિદ્ધિઓનો સમાવેશ થાય છે. આ ID શૈક્ષણિક પ્રણાલીમાં વિદ્યાર્થી માટે કાયમી ડિજિટલ ઓળખ તરીકે કાર્ય કરે છે.


આજીવન શૈક્ષણિક ઓળખ: ભારતના દરેક વિદ્યાર્થીને 12 અંકનું વિશિષ્ટ ઓળખ ID મળે છે

કેન્દ્રિય પ્રણાલી: એક જ જગ્યાએથી શૈક્ષણિક રેકોર્ડનું સંચાલન કરે છે.

ક્રેડિટ ટ્રાન્સફર: સંસ્થાઓ વચ્ચે ક્રેડિટ ટ્રાન્સફરની સુવિધા આપે છે.

આજીવન ઓળખ: વિદ્યાર્થીની શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દી દરમિયાન તેમની સાથે રહે છે.

# Roll Out Strategy



## CONSENT BY FATHER/MOTHER/LEGAL GUARDIAN OF STUDENT FOR APAAR ID GENERATION

**School Name** ..............................................................................................

I,<**Consent Provider Name**>as the <**Natural/Legal Guardian**>of<**Name of Minor Student**>with my Identity Proof as <**AADHAAR/PAN/EPIC/DL/PP**>andIdentity Proof Number <**ID Number**>voluntarily give my consent to share his/her Aadhaar Number and demographic information issued by UIDAI with Ministry of Education for the sole purpose of creation of APAAR ID and opening of DIGILOCKER account of my child for the following intents and purposes.

I understand that my APAAR ID may be used and shared for limited purposes as may be notified by Ministry of Education from time-to-time for educational and related activities. Further I am also aware that my personal identifiable information (Name, Address, Age, Date of Birth, Gender and Photograph) may be made available to entities engaged in various educational activities such as UDISE+ database, scholarships, maintenance academic records, other stakeholders like Educational Institutions and recruitment agencies.

I authorise Ministry of Education to use my Aadhaar number for performing Aadhaar based authentication with UIDAI as per provision of the Aadhaar (Targeted Delivery of Financial and Other Subsidies, Benefits, and Services) Act, 2016 for the aforesaid purpose. I understand that UIDAI will share my e-KYC details, or response of "Yes" with Ministry of Education upon successful authentication.

I understand that the information shared by me shall be kept Confidential and shall not be divulgedto any third party except as may be required by law.

I understand that I can withdraw my consent forall or any of the purposes at any time by and on withdrawal of my consent, the processing of my shared information will stop, however, any personal data already been processed shall remain unaffected on such withdrawal of consent.

Date of Physical Consent:<**date**> .........................................

Place of Physical Consent:<**place**> **(Signature)**

..................................................................................................................

I, ...................................... as Head of the School or any authorized teacher/staff hereby Declare that the Natural/Legal Guardian of <**Student Name**> as mentioned above has given the Consent for Providing AADHAAR to create APAAR ID, opening of DIGILOCKER Account and Identity Verification in UDISE Plus.

**Date..................** ..........................................

(Signature)



## APAAR ID બનાવવા માટે વિદ્યાર્થીના પિતા/માતા/કાનૂનીવાલીની સંમતિ

શાળાનું નામ ..............................................................................................

હું,<સંમતિ પ્રદાતાનુંનામ><આધાર/PAN/EPIC/DL/PP>અને ઓળખ પુરાવા નંબર <ID નંબર>ના રૂપમાં મારા ઓળખના પુરાવા સાથે <સગીર વિદ્યાર્થીનું નામ>ના <કુદરતી/કાનૂની વાલી>તરીકે સ્વેચ્છાએ મારા બાળકની નીચેના આશયઓ અને હેતુઓ માટે APAAR ID બનાવવા અને મારા બાળકનું DigiLockerએકાઉન્ટ ખોલવાના એકમાત્ર હેતુ માટે UIDAI દ્વારા જારી કરાયેલ આધાર નંબર અને વસ્તી વિષયક માહિતીને શેર કરવા માટે મારી સંમતિ આપું છું.

હું સમજું છું કે મારા APAAR ID નો ઉપયોગ શૈક્ષણિક અને સંબંધિત પ્રવૃત્તિઓ માટે સમય સમય પર શિક્ષણ મંત્રાલય દ્વારા સૂચિત કરવામાં આવતા મર્યાદિત હેતુઓ માટે થઈ શકે છે અને શેર કરી શકાય છે. હું વધુમાં સમજું છું કે મારી વ્યક્તિગત રીતે ઓળખી શકાય તેવી માહિતી (નામ, સરનામું, ઉંમર, જન્મ તારીખ, લિંગ અને ફોટો) અન્ય હિસ્સેદારો જેમ કે શૈક્ષણિક સંસ્થાઓ અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેમ કે UDISE પ્લસડેટાબેઝ, શિષ્યવૃત્તિ, શૈક્ષણિક રેકોર્ડ જાળવણી, સંકળાયેલી સંસ્થાઓઅને ભરતી એજન્સીઓ સાથે ઉપલબ્ધ કરાવી શકાય છે

આધાર (નાણાકીય અને અન્ય સહાયો, લાભો અને લક્ષ્યાંકિત સેવાઓની ઉપલબ્ધિ) અધિનિયમ, 2016 મુજબ ઉપરોક્ત હેતુ માટે UIDAI સાથે આધાર આધારિત પ્રમાણીકરણ કરવા માટે હું શિક્ષણ મંત્રાલયને મારા આધાર નંબરનો ઉપયોગ કરવા માટે અધિકૃત કરું છું. હું સમજું છું કે UIDAI મારી ઇ-કેવાયસી વિગતો શેર કરશે અથવા સફળ પ્રમાણીકરણ પછી શિક્ષણ મંત્રાલય સાથે "હા" નો જવાબ આપશે.

હું સમજું છું કે હું જે માહિતી શેર કરું છું તે ગોપનીય રાખવામાં આવશે અને કાયદા દ્વારા આવશ્યકતા સિવાય કોઈપણ તૃતીય પક્ષને જાહેર કરવામાં આવશે નહીં.

હું સમજું છું કે હું કોઈપણ સમયે અથવા કોઈપણ હેતુ માટે મારી સંમતિ પાછી ખેંચી શકું છું અને મારી સંમતિ પાછી ખેંચી લેવા પર, મારા વિશે શેર કરેલી માહિતીની પ્રક્રિયા બંધ થઈ જશે, જો કે, સંમતિ પાછી ખેંચી લેવા પર પહેલેથી જ પ્રક્રિયા કરેલ કોઈપણ વ્યક્તિગત ડેટા અપ્રભાવિત રહેશે.

શારીરિક સંમતિનું સ્થાન: <સ્થળ> ..............................................................

શારીરિક સંમતિની તારીખ: <તારીખ> (સહી)

..................................................................................................................

હું, મારી ક્ષમતામાં ............................ શાળાના વડા અથવા કોઈપણ અધિકૃત શિક્ષક/કર્મચારી તરીકે, જાહેર કરું છું કે <વિદ્યાર્થીનું નામ>ના કુદરતી/કાનૂની વાલીએ ઉલ્લેખિત કર્યા મુજબ APAAR ID, DIGILOCKER બનાવવાની, ઉપરોક્ત UDISE પ્લસમાં એકાઉન્ટ ખોલવા અને ઓળખ ચકાસણી માટે આધાર પ્રદાન કરવા સંમત થયા છે.

તારીખ ............................ ........................................

(સહી)

# ACTIONABLE POINTS FOR SCHOOLS

- ❑ ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપી તબક્કાવાર વાલી-શિક્ષક મીટિંગ (Parent-Teacher Meeting) નું આયોજન કરવું.
- ❑ વાલી-શિક્ષક મીટિંગ માટે, શાળાના વડા દ્વારા માતાપિતા/વાલીમાંથી કોઈ એકને તેમના આધાર કાર્ડ અથવા અન્ય કોઈ ફોટો આઈડી પ્રૂફ સાથે બોલાવવાના રહેશે.
- ❑ દરેક વાલી શિક્ષક મીટિંગમાં, APAAR ID વિશે ૧૫-૨૦ મિનિટનું જાગૃતિ સેશન ચલાવવાનું રહેશે.
- ❑ વાલી શિક્ષક મીટિંગ દરમિયાન વિદ્યાર્થીઓ અને માતાપિતા/વાલીઓને APAAR ID વિશે વિગતવાર માહિતગાર કરવા તેમજ APAAR પરિચય વિડીયો અને ડોક્યુમેન્ટ (FAQ) પ્રસારિત કરવાના રહેશે.
- ❑ APAAR ID બનાવવા માટે માતાપિતાની સંમતિ પ્રત્યક્ષ રીતે એકત્રિત કરવામાં આવી છે તે સુનિશ્ચિત કરવું.
- ❑ UDISE+ પોર્ટલ હેઠળ એકત્રિત કરાયેલ વિદ્યાર્થીના નામ, પિતા/માતાનું નામ, લિંગ, જન્મ તારીખ અને અન્ય જરૂરી વિગતો તે વિદ્યાર્થીની આધારની વિગતો સાથે મેળ ખાય છે તેની ખરાઈ કરી પ્રમાણિત કરવાનું રહેશે.
- ❑ APAAR ID બનાવતી વખતે UDISE+ પોર્ટલ પર વાલીની સંમતિ પ્રત્યક્ષ રીતે અને ડિજિટલ રીતે અપડેટ કરવામાં આવી છે તે સુનિશ્ચિત કરવું.
- ❑ બીજા દિવસે શિક્ષક વિદ્યાર્થીઓને APAAR IDs શેર કરશે.
- ❑ APAAR ID બનાવ્યા પછી જારી કરાયેલ વિદ્યાર્થીના શાળા ઓળખ કાર્ડ **(Identity Card)** માં વિદ્યાર્થીઓનો APAAR ID દર્શાવવાનો રહેશે.

# APAAR ID Creation Process-Flow through the UDISE+ Portal

- ❑ શાળાએ વાલી શિક્ષક મીટિંગમાં સંમતિ ફોર્મનું વિતરણ કરવું ત્યારબાદ માતાપિતા/વાલી પાસેથી પ્રત્યક્ષ "સંમતિ ફોર્મ" એકત્રિત કરી તેની જાળવણી કરવી આવશ્યક છે.
- ❑ વર્ગ શિક્ષકએ UDISE+ પોર્ટલમાં શાળાના યુઝર નેમ તથા પાસવર્ડથી લોગ ઇન કરી APAAR મોડ્યુલ ટેબ પર કલીક કરવું.
- ❑ UDISE+ APAAR મોડ્યુલ દ્વારા APPAR ID બનાવવા માટે શાળાના વર્ગ શિક્ષકએ ફક્ત તે જ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી વિગતો (દા.ત. નામ, લિંગ, જન્મ તારીખ, માતાપિતાના નામ, આધાર નંબર) ની પ્રમાણિત કરવાની રહેશે કે જેઓના "સંમતિ ફોર્મ" મેળવેલ છે.
- ❑ વર્ગ શિક્ષક વિદ્યાર્થીઓની વિગતોની સફળતાપૂર્વક ખરાઈ કરી APAAR ID બનાવ્યા બાદ તેને વિદ્યાર્થીના ડિજીલોકર એકાઉન્ટમાં સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં આવશે. માતા-પિતાને તેમના UDISE+ પોર્ટલ સાથે લિંક કરેલા તેમના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર confirmation SMS આવશે.
- ❑ સફળતાપૂર્વક APAAR ID બનાવ્યા પછી, શાળા વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતાને "APAAR ID" પ્રદાન કરશે. વધુમાં, શાળા સંચાલન વિદ્યાર્થીઓના શાળા ઓળખ કાર્ડ **(Identity Card) માં** APAAR ID નંબરનો ઉલ્લેખ કરશે.
- ❑વિદ્યાર્થીઓની વિગતોની અસફળ ચકાસણી અથવા અથવા અન્ય કોઈપણ ભૂલો પર, UDISE પોર્ટલ શાળા સત્તાધિકારીને ભૂલ સંદેશ (Error Message) પ્રકાશિત કરશે. શાળા જરૂરી સુધારા માટે વાલીઓને કોમન સર્વિસ સેન્ટર (CSC) પર મોકલી શકે છે. APAAR જનરેશન પ્રક્રિયા સંબંધિત કોઈપણ સહાય માટે કૃપા કરીને ટોલ-ફ્રી હેલ્પલાઈન નંબર: 1800-889-3511 પર સંપર્ક કરો.

# Generation of APAAR ID through UDISE+

**One Nation, One Student ID Initiative**

# Introduction

The integration of the APAAR (Automatic Permanent Academic Account Registry) ID generation process within the UDISE+ portal aims to streamline the identification and tracking of students throughout their academic journey.




**APAAR ID**

Embodies the vision of "One Nation, One Student ID"

**UDISE+**

Comprehensive platform for managing information related to students, teachers, and schools in India.

# Considerations while using APAAR Module

## 1 Aadhaar Based information

- Student's name
- Date of Birth
- Gender

shall match as per Aadhaar.

## 2 Student's Basic info in UDISE+

- Mother's & Father's names
- Student's class/grade
- Mobile Number
- Unique PEN number assigned
- Student is verified in UDSIE+

This can be checked in the general profile section of student profile.

## 3 Consent

- Ensure ID proof is produced by guardian or parents while submitting digital consent
- Hard copy of signed consent to be kept by the school for future reference

# Steps for APAAR Generation


**One Nation, One Student ID Initiative**

# Step 1

## Login

*SDMS Portal*


- Login with your School user credentials in the **SDMS portal**.
- Click on **APAAR module** button on left hand side menu.



# Step 2

## Select Class & section


- Student list will be populated



# Step 3

## Click on Generate Button


- Choose student for whom APAAR id is to be generated
- Click on Generate Button



# Step 4

## Check Basic Info


- Check basic information of student : Aadhaar Number, Name and Date of Birth as per Aadhaar.
- In case any changes are to be made in student's name / DOB, it could be done by visiting General Profile section of the student.
- Click on Submit, if all details are correct



# Step 5

## APAAR is generated

- After all details have been validated by APAAR System, APAAR ID is generated.
- APAAR id is also stored in the UDISE+ portal.



# Thank you!

One Nation, One Student ID Initiative